*This Question Paper contains 8 printed pages.*

Seat No.:

Sl. No. :

# 001(G)

**(March, 2023)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) **પ્રશ્નપત્ર પાંચ વિભાગમાં વહેંચાયેલું છે.**
2) **પ્રશ્નમાં વિકલ્પ આંતરિક છે.**
3) **જમણી બાજુના અંક ગુણભાર દર્શાવે છે.**
4) **લેખનસજ્જતા, ભાષાશુદ્ધિ અને મૌલિક લખાણને ગુણ પ્રાધાન્ય રહેશે.**

## વિભાગ - A (પદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે હેતુલક્ષી ઉત્તર લખો. (દરેકનો એક ગુણ)** **[4]**

1) ‘શ્યામ રંગ સમીપે’ કાવ્યના કવિનું નામ જણાવો.
2) કયા આખ્યાનકારને ‘કવિ શિરોમણિ’નું સન્માન મળ્યું છે ?
3) ‘ઊર્મિલા’ કાવ્યનો સાહિત્યપ્રકાર જણાવો.
4) ‘જુઓ’ ગઝલ કવિના કયા ગઝલસંગ્રહમાંથી લેવામાં આવી છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો એક ગુણ)** **[4]**

5) ‘રામબાણ’ કાવ્યમાં ‘રામબાણ’ શબ્દનો અર્થ જણાવો.
6) લોકગીતની નાયિકા સંદેશો લઈ જવાનું કામ કોને સોંપે છે ?
7) બાનું વ્હાલ કેવું છે ?
8) ભાણીએ કપડાં ધોવાનો સમય કયો પસંદ કર્યો છે ?

■ **નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યોમાં ઉત્તર લખો. (પ્રત્યેકના બે ગુણ)** **[4]**

9) જ્ઞાનગ્રંથો થકી કઈ ગરબડ થઈ છે ?
10) પતિની વાતનો ઊર્મિલાએ શો જવાબ આપ્યો ?



https://www.gujaratboardonline.com

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના ચાર ગુણ)** [8]

**11)** 'દમયંતી સ્વયંવર' આખ્યાનખંડની કથા વર્ણવો.

**12)** 'પથ્થર થરથર ધ્રૂજે' કાવ્યનું શીર્ષક ચર્ચો.

**અથવા**

'ભાણી' કાવ્યના આધારે ભાણીની કરુણ પરિસ્થિતિનું વર્ણન કરો.

## વિભાગ - B (ગદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે હેતુલક્ષી ઉત્તર લખો. (દરેકનો એક ગુણ)** [4]

**13)** 'યુધિષ્ઠિર યુદ્ધવિષાદ' નાટ્યાંશના કવિનું નામ જણાવો.

**14)** 'ઈશ્વર સર્વવ્યાપી' પાઠનો સાહિત્યપ્રકાર જણાવો.

**15)** 'અનુરુદ્ધનો ગૃહત્યાગ' પાઠ શેમાંથી લેવામાં આવ્યો છે ?

**16)** 'શરત' વાર્તાનો અનુવાદ કોણે કર્યો છે ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો એક ગુણ)** [4]

**17)** લેખકે ઉછીનું માગનારા લોકોને કેવા કહ્યા છે ?

**18)** અનુરુદ્ધ અને તેના મિત્રો કઈ રમતમાં લીન થઈ ગયા હતા ?

**19)** 'છેલ્લું દર્શન' કાવ્ય કવિએ કોને સંબોધીને રચ્યું છે ?

**20)** ડૉ. બાબાસાહેબના જીવનની તત્ત્વત્રયી કઈ છે ?

■ **નીચેના પ્રશ્નોના ચાર-પાંચ વાક્યોમાં ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના બે ગુણ)** [4]

**21)** શાક સમારતાં-સમારતાં ગાંધીજીએ વિનોબાને શું કહ્યું ?

**22)** દેહાંતદંડ અને જન્મટીપની સજા અંગે યુવાન વકીલે શો અભિપ્રાય આપ્યો ?

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના ચાર ગુણ)** [8]

**23)** 'ઉછીનું માગનારાઓ' નિબંધના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

**24)** 'સેલ્વી પંકજમ્' નું ચરિત્ર-ચિત્રણ કરો.

**અથવા**

'ખીજડિયે ટેકરે' વાર્તાના શીર્ષકની યથાર્થતા ચર્ચો.



https://www.gujaratboardonline.com

## વિભાગ - C (પાઠ્ય પુસ્તક આધારિત વ્યાકરણ)

■ **નીચે આપેલા શબ્દોને સમાનાર્થી રૂપે સામસામે જોડો.**
**(કોઈપણ ચાર - દરેકનો અડધો ગુણ)** [2]

| | | |
|---|---|---|
| 25) અખિલ | ધરતી | વ્રત |
| 26) હાટ | સેવક | બજાર |
| 27) નીમ | આખું | પૃથ્વી |
| 28) વસુધા | દુકાન | નોકર |
| 29) પરિચારક | નિયમ | સમસ્ત |

■ **નીચેના વાક્યમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખી વાક્યનો અર્થ ન બદલાય તે રીતે ફરીથી લખો. (કોઈપણ ચાર-દરેકનો અડધો ગુણ)** [2]

30) શ્રીધર પંત ડૉ. બાબાસાહેબના ખૂબ <u>નિકટના</u> મિત્ર હતા.

31) અનાથ બાળકો માટે એ <u>સ્વર્ગ</u> જ ગણાય.

32) તમે <u>અસત્યને સત્ય</u> માની લીધું છે.

33) અમારા <u>પવિત્ર</u> કાર્યમાં જે જોડાશે તેનો અમે આભાર માનીશું.

34) બા <u>એકલાં</u> જીવે.

■ **નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો. (કોઈપણ ચાર-દરેકનો અડધો ગુણ)** [2]

35) સ્વાદ વિનાનું ખાવાનું વ્રત

36) સમુદ્રમાં લાગેલો અગ્નિ

37) કુતરાને ખાવા નાખવાનું સાધન

38) સહાનુભૂતિપૂર્વક ખુશીનો ટેકો આપવો તે

39) પોતાનું કામ પોતાની જાતે જ કરે તે

■ **નીચે આપેલ તળપદા શબ્દોના શિષ્ટ ભાષાનો માન્ય અર્થ લખો. (દરેકનો અડધો ગુણ)** [1]

40) દિલ

41) બાયડી

■ **નીચેના શબ્દોની સાચી જોડણી લખો. (દરેકનો અડધો ગુણ)** [1]

42) હુતાસન

43) નીરીકસણ

અથવા

પરિસ્થીતી



https://www.gujaratboardonline.com

■ નીચેના પ્રશ્નોના ઉત્તર કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે લખો. (કોઈપણ છ, દરેકનો અડધો ગુણ) [3]

44) મોગરાની મીઠી મહેક પ્રસરતી મેં અનુભવી.
(વાક્યમાંથી વિશેષણ શોધો.)

45) .......... શિક્ષિકાઓ બચ્ચાંઓની દેખભાળ રાખતાં હતાં.
(પાઠમાં આવતા વાક્યને આધારે વિશેષણ લખો.)

46) મેં તો ચોખલા ઓર્યા શેર.
(વાક્યમાંથી નિપાત શોધો)

47) સંગીત અને નૃત્યના હૉલમાં પ્રવેશતાં ...... હું અચકાઈને ઊભો રહી ગયો.
(પાઠમાં આવતા વાક્યને આધારે નિપાત લખો)

48) ડૉ. આંબેડકર એમને જોઈને ખુરશીમાંથી ઊભા થઈ ગયા.
(વાક્યમાંથી કૃદંત શોધો)

49) બે અક્ષર વાંચતાં શીખશે તો કામ લાગશે.
(વાક્યમાં આપેલ કૃદંતનો પ્રકાર જણાવો)

50) હારે તેણે સૌને ખાજાં ......... શરત હતી.
(પાઠમાં આવતા વાક્યને આધારે કૃદંત લખો.)

■ નીચેના રૂઢિપ્રયોગનો અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો. (દરેકનો એક ગુણ) [2]

51) ખાતર પાડવું.

52) આભ ફાટવું.

અથવા

લોહી ઊકળી ઊઠવું.

■ નીચેના વાક્યોમાં કૌંસમાં દર્શાવેલ સૂચના પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો એક ગુણ) [3]

53) દેવરાજ ને વસુધા છોડીને ચાલ્યા આવવાની ચણ ચણાટી હતી.
(લેખન રૂઢિ સુધારો)

54) આ સાલ વરસાદ સારો થાય તો મલકે વતનમાં જઈશું.
(વાક્યમાં ભાષા શુદ્ધ કરો)

55) બાર વાગે મારી સ્વતંત્રતા આવતી કાલે મને મળશે.
(વાક્યનો પદક્રમ ગોઠવો)

અથવા

મને બોલવાનો ટેવ પહેલેથી હતી.
(વાક્યમાં પ્રત્યય સુધારો)



https://www.gujaratboardonline.com

■ **નીચેના સંયુક્ત-સંકુલ વાક્યોને સાદા વાક્યો રૂપે લખો. (કોઈપણ બે, દરેકનો એક ગુણ)** **[2]**

56) પહેલાં એ અભણ અને તોફાની હતો.

57) હું કાશી આવ્યો ત્યારે ત્યાં બાપુના ભાષણની ચર્ચા ચાલતી હતી.

58) પરમેશ્વર આંખે દેખાતો નથી પણ એને અનુભવમાં લઈ શકાય છે.

■ **નીચેના સાદાં વાક્યોને સંયુક્ત-સંકુલ વાક્યો રૂપે લખો. (કોઈપણ બે - દરેકનો એક ગુણ)** **[2]**

59) આપણાં ભાગ્યમાં હતો.
પાછો આવી પુગ્યોને ?

60) કાન્તાને સમજાતું ન હતું.
આ બધું શું છે ?

61) રસોઈમાં ગળપણ વિના ચાલે.
મીઠા વિના ચાલે નહિ.

## વિભાગ - D (અર્થગ્રહણ)

■ **નીચેના પાઠ્યેતર પદ્યના આધારે આપેલ પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો. (દરેકનો એક ગુણ)** **[5]**

'મને શું ના લેશો?' કુસુમ કગર્યું ધૂળે કર થકી
ઉવેખી નાખ્યું મેં મુજ કર વિશે શુ કુસુમો
ચૂંટેલા વૃક્ષેથી લઈ કદમ જ્યાં માંડું-ઉચર્યું :
'મને શું ....' ને મેં તે ઊંચકી ધૂળ ખંખેરી ત્યહી રે.
વદી ધૂલી ઊઠી : પ્રભુચરણનો સ્પર્શ કરવા
અભાગી હું એવી ? કવણ મુજનો દોષ અસહ ?
અને ધૂળે રંગ્યું કુસુમ ઊંચકી ધૂલિસભર
પળું, ત્યાં પાસેના કણકણી ઊઠ્યા કંકર કંઈ :
'ગુનેગારી શી છે ? પથ્થર બનિયા તે જ અમની ?'
અને ધૂળાળા કંઈક કર હું કંકર લઈ -
પળ્યો ત્યારે ઊભા પથ ઉભય પાર્શ્વ સહુય તે
રહ્યાં ડોળા ફાડી દુખિત હૃદયે જીવ-અજીવ
અને મારી બાથે બલ ન રહ્યું ત્યારે હું કગર્યો :
હવે તો લૈ લે આ અખિલ જગ : એ માર્ગ જ રહ્યો.

— સુન્દરમ્



https://www.gujaratboardonline.com

પ્રશ્નો :

62) ધૂળમાં પડેલું ફૂલ કવિને શું કહે છે ?

63) ફૂલ સિવાય બીજા કયા પદાર્થો પ્રભુના ચરણમાં સમર્પિત થવા પ્રાર્થના કરે છે ?

64) ધૂળ અને કાંકરા કયા શબ્દોમાં કવિને આજીજી કરે છે ?

65) અંતમાં કવિ પ્રભુને શી પ્રાર્થના કરે છે ?

66) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના પાઠ્યેતર ગદ્યખંડને આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (દરેકનો એક ગુણ)** **[5]**

પ્રજાજનોની સ્વાભાવિક અને સતત રસવૃત્તિ પર લોકશાહી ઘણો મોટો ભરોસો રાખે છે. રાજ્ય અને સમાજના વિવિધ ક્ષેત્રોના કામો લોકો આપમેળે જેટલાં કરે એટલી લોકશાહી વધુ ફૂલે-ફાલે છે. પ્રજાની પહેલ અને પ્રયોગશીલતાને લોકશાહીમાં સવિશેષ અવકાશ છે. જેટલે અંશે પ્રજાકીય સહકાર અને સ્વૈચ્છિક જવાબદારી વધારે તેટલે અંશે લોકશાહીની તંદુરસ્તી વધારે. લોકશાહીમાં સરકારનું મોઢું પ્રજા તરફ હોય. પ્રજા નિષ્ક્રિય અથવા ઉદાસીન હોય એ નહીં ચાલે. સરકાર તરફ હરહંમેશ પીઠ માંડતી પ્રજા કોઈ દિવસ લોકશાહીને જીરવી ને પચાવી શકશે નહિ.

— પુરુષોત્તમ માવળંકર

પ્રશ્નો :

67) લોકશાહી શેના પર વધુ ભરોસો રાખે છે ?

68) લોકશાહી ક્યારે વધુ ફૂલે-ફાલે છે ?

69) લોકશાહીની તંદુરસ્તી ક્યારે વધે ?

70) કોણ લોકશાહીને પચાવી શકતું નથી ?

71) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેના ગદ્યખંડને ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[5]**

72) ચિત્રકલા, સંગીત, સાહિત્ય એ બધી કલાઓ છે. જીવન ટકાવી રાખવા માટે કોઈ કલાની જરૂર નથી હોતી. એ માટે તો રોટીની, પૈસાની જરૂર હોય છે. પરંતુ જીવનને ધબકતું રાખવા માટે, પૂરેપૂરું જીવવા માટે કલા જરૂરી છે. કલાને એના સાંકડા, રૂઢ અર્થમાં નહિ પણ વિશાળ અર્થમાં લેવી જોઈએ. સુંદર શિલ્પકૃતિ ઘડનાર શિલ્પી કલાકાર છે અને એ જ રીતે ચાકડા ઉપર સુંદર વાસણ ઉતારનાર પ્રજાપતિ પણ કલાકાર છે અને એ જ રીતે એનાં સૌંદર્યને માણનારમાં પણ કલાની સૂઝ છે. સારું જીવન જીવવા માટે કલાકાર બનવું અનિવાર્ય નથી, પરંતુ કલાની પરખ, સૂઝ હોવી જરૂરી છે. રણપ્રદેશમાં રાત



https://www.gujaratboardonline.com

બહુ જ આહ્લાદક હોય છે. એમાંયે તારા ભરેલી અંધારી રાત તો વધુ સુંદર લાગે છે. એને માણી શકનાર ઈશ્વરની અજોડ કલાકારીગરીથી પ્રભાવિત થયા વિના રહેતો નથી. રસ્તાના કાંઠે ઊગેલ એકાદી જંગલી અલ્લડ ફૂલ જેને આકર્ષી શકે છે એને ઈશ્વર એક કલાકાર લાગે છે અને જિંદગી એને ખાલી નહિ, પણ કાયમ ભરી ભરી લાગે છે.

— મોહમ્મદ માંકડ

■ **નીચેના ગદ્યખંડને કાળ કથન રીતિ પ્રમાણે વિચાર વિકાસના ક્રમમાં ગોઠવીને ફરીથી લખો.** **[5]**

73) ગાંધીજીના ચુસ્ત અનુયાયી ને અંતેવાસી અમ્મા ને અપ્પાએ આ જંગલમાં કેવું મંગલ કર્યું તેની રસપ્રદ કથા મેં સાંભળી. ગામડાંના ઉદ્ધારમાં એનો ફાળો કેવો ને કેટલો છે તેનો અદ્ભુત ચિતાર આપ્યો. ચાલતાં ચાલતાં એણે મને સંસ્થાના પાયાથી માંડીને અત્યાર સુધીના વિકાસની વાત કરી. ગાંધીજીના આદર્શોની કેટલી નજીક રહી અમ્મા ને અપ્પાએ આ સંસ્થા ઊભી કરી તેનું તેણે ભાવપૂર્વક બયાન કર્યું. આ સંસ્થા એટલે અમ્મા ને અપ્પાની જીવનકથની.

## વિભાગ - E (લેખનની સજ્જતા)

74) વધુ વરસાદને કારણે તમારા વિસ્તારમાં ગંદકીનું પ્રમાણ વધ્યું છે તે દૂર કરવા માટે તમારા નગરના આરોગ્ય અધિકારીને અરજી કરો. **[5]**

■ **નીચેના ગદ્યખંડનું વાદાત્મક ગદ્યમાં રૂપાંતર કરો.** **[5]**

75) આખું જગત બૂમ પાડી રહયું છે કે અમારો તારણહાર માણસ કયાં છે ? અમે એક સાચા માણસની રાહ જોઈએ છીએ. આવા માણસ શોધવા દૂર દૂર તપાસ કરવાની જરૂર નથી. એ તો તમે પોતે જ છો. માણસને સાચો માણસ બનાવવો કેવી રીતે ? જો એનામાં સાચા માણસ બનવાની ઈચ્છા ન જાગે તો તેને સાચો માણસ બનાવવા જેટલું અઘરું કામ બીજું કોઈ નથી. પણ જો તેનામાં સાચા માણસ બનવાની ઈચ્છા જાગી શકતી હોય તો તેને માટે એવો બનવા જેવું સહેલું કામ બીજું કોઈ નથી.

**અથવા**

'જીવનમાં ચારિત્ર્યનું મહત્ત્વ' વિશે નીચે આપેલ શબ્દયાદીનો ઉપયોગ કરી એંશી શબ્દોમાં ભાવાત્મક ગદ્ય લખો.

ચારિત્ર્ય : જીવનની શોભા – શરીરના ફેફસાં જેટલું મૂલ્ય – ચારિત્ર્યહીનનું મૂલ્ય કોડીનું – ચારિત્ર્ય એટલે બધા ગુણોનો સરવાળો – ચારિત્ર્યવાન વ્યક્તિની દેશમાં અછત – ચારિત્ર્યવાન વ્યક્તિની સમાજ પર અસર – ચારિત્ર્યઘડતર અંગે કેળવણીની જરૂર.



https://www.gujaratboardonline.com

■ **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[10]**

76) જળ એજ જીવન -

પ્રસ્તાવના – પૃથ્વી પર ત્રીજો ભાગ પાણી – જળસંકટ – વધતી વસ્તી – પાણીની જરૂરિયાત – વરસાદની ઘટ – ઘટતું પાણી – જળસંગ્રહનો અભાવ – જળાશયોની સ્થિતિ – પાણી પર નભતા જીવો – વિવેકપૂર્ણ ઉપયોગ – પાણી બચાવવાનો સંકલ્પ – ઉપસંહાર.

**અથવા**

અવાજનું પ્રદૂષણ : આજનો પ્રાણપ્રશ્ન

પ્રસ્તાવના – પ્રદૂષણનો અર્થ – પ્રકારો – અવાજ પ્રદૂષણનો અર્થ – ઉદ્ભવસ્થાનો – વાહન વ્યવહાર – લાઉડસ્પીકરો – ડીજે – અવાજ પ્રદૂષણની અસરો – અટકાવવાના ઉપાયો – જાગૃતિ – ફરજ – ઉપસંહાર.

**અથવા**

મોબાઈલ કરતાં જિંદગી સસ્તી -

પ્રસ્તાવના – મોબાઈલ – સગવડ માટે શોધાયેલું ઉપકરણ – ઉપયોગો – ઉપયોગ કરતાં ઉપદ્રવ વધુ – મશગૂલ રહેનારાઓની વધતી મૃત્યુ સંખ્યા – મોબાઈલ વિના પરેશાની – ગેરલાભો – ટેક્નોલોજીનો ગુલામ માણસ – જિંદગી કરતાં મોબાઈલ મોંઘો નથી – રાક્ષસ બનીને માણસને ખાઈ રહયો છે મોબાઈલ – સમજણપૂર્વકનો ઉપયોગ – જાગૃતિ – ઉપસંહાર.

◆◆◆

https://www.gujaratboardonline.com
Whatsapp @ 9300930012
Send your old paper & get 10/-
अपने पुराने पेपर्स भेजे और 10 रुपये पायें,
Paytm or Google Pay से



https://www.gujaratboardonline.com